


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 042
Dt.: 16-12-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### પોતાના દેશનો એક પ્રદેશ રશિયાને સોંપવાની માગણી નકારી કાઢી

# યુદ્ધના અંત માટે ઝેલેન્સ્કીએ યુક્રેનની નાટોમાં સભ્યપદની માગણી છોડી

### અમેરિકા ઈચ્છે છે કે યુદ્ધને સમાપ્ત કરવા માટે યુક્રેને ડોનેત્સ્ક પ્રદેશ રશિયાને સોંપી દેવો જોઈએ: આ પ્રદેશનો મોટાભાગનો વિસ્તાર રશિયન દળોના કબજામાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં આશરે ત્રણ વર્ષથી ચાલી રહેલાં યુદ્ધ વચ્ચે હવે યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશોની સુરક્ષા ગેરંટીના બદલામાં નાટોમાં જોડાવાની તેમના દેશની માગણી પડતી મૂકવાની ઓફર કરી હતી. જોકે તેમણે રશિયાને પોતાના દેશનો પ્રદેશ સોંપવાના યુએસ દબાણને નકારી કાઢ્યું હતું.રશિયા સાથેનો અંતનો અંત લાવવા માટે જર્મનીના બર્લિન ખાતે પહોંચ્યાં ત્યારે તેમણે આ ઓફર કરી હતી.

બર્લિનમાં યુક્રેન, અમેરિકા અને યુરોપિય અધિકારીઓ વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો યોજવાની છે. ઝેલેન્સ્કી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે પણ બેઠક યોજે તેવી શક્યતા છે. આ બેઠકો પહેલા પત્રકારોના સવાલનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે અમેરિકા અને કેટલાંક યુરોપીય દેશોએ નાટોમાં જોડાવાની યુક્રેનની માગણીને નકારી કાઢી છે. તેથી કિવ અપેક્ષા રાખે છે કે પશ્ચિમી દેશો જોડાણના સભ્યોને જેવી સુરક્ષા ગેરંટીઓ આપવામાં આવી છે તેવી યુક્રેનને પણ આપવામાં આવે. આવી સુરક્ષા ગેરંટીથી રશિયાના વધુ એક આક્રમણને રોકવામાં મદદ મળશે. નાટોના સભ્યપદ અંગે અમે પહેલાથી સમાધાન કર્યુ છે. કોઈપણ સુરક્ષા ગેરંટી કાયદેસર રીતે બંધનકર્તા અને યુએસ સંસદ દ્વારા સમર્થિત હોવી જોઈએ.તેમણે કહ્યું હતું કે તેઓ જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને સંભવતઃ અન્ય યુરોપિયન નેતાઓ સાથે અલગથી મુલાકાત કરશે.

અહીં ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ યુદ્ધનો ઝડપી અંત લાવવા માટે દબાણ કરી રહ્યા છે અને તેમાં વિલંબથી ગુસ્સે પણ થઈ રહ્યાં છે.

અમેરિકા ઈચ્છે છે કે યુદ્ધને સમાપ્ત કરવા માટે યુક્રેને ડોનેત્સ્ક પ્રદેશ રશિયાને સોંપી દેવો જોઈએ. આ પ્રદેશનો મોટાભાગનો વિસ્તાર રશિયન દળોના કબજામાં છે. રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને પણ યુક્રેન શાંતિ માટેની મુખ્ય શરતોમાં આ વિસ્તાર પર રશિયાના કબજાની માગણી કરી છે. જોકે હજુ સુધી ઝેલેન્સ્કી પોતાના વિસ્તાર છોડી દેવા તૈયાર નથી.

## તમિલનાડુ અને આસામ માટે ભાજપે ચૂંટણી પ્રભારી કર્યા જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીએ તમિલનાડુ અને આસામ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી અને સહ-પ્રભારીના નામ જાહેર કર્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે આસામ વિધાનસભા ચૂંટણીની જવાબદારી પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજંત પાંડાને સોંપવામાં આવી છે. પૂર્વ રેલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર, રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી અને સહ-પ્રભારી નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને ચૂંટણી પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ અને નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.




**પીયૂષ ગોયલ તમિલનાડુના ચૂંટણી પ્રભારી નિયુક્તઃ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે**

આસામ વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીએ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજંત પાંડાને ચૂંટણી પ્રભારી નિયુક્ત કર્યા છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુનીલ કુમાર શર્માને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય મહાસચિવે બિહારના મંત્રી નીતિન નવીન સિંહાને ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્તની સૂચના જાહેર કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ તેના નવા કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી છે. બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને પાર્ટીના નવા કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેપી નડ્ડાના બાદ તેઓ હવે પાર્ટીની જવાબદારીઓ સંભાળશે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ઉપરોક્ત નિમણૂક તાત્કાલિક અમલમાં આવશે."

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બિહારના કેબિનેટ મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ અભિનંદન પાઠવ્યા. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, "બિહારના યુવા અને ઉર્જાવાન નેતા નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન.

### ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના ધારાસભ્યો વિરુદ્ધ તપાસ

## સ્ટિંગ ઓપરેશનથી રાજસ્થાનના રાજકારણમાં આવેલો ભૂકંપ!

### ધારાસભ્યોને પોતાના મત વિસ્તારના વિકાસ કામ માટે ફાળવવામાં આવતા ફંડમાં 'કમિશનખોરી' કરી કૌભાંડ આચર્યુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનમાં ત્રણ ધારાસભ્યોનાં સ્ટિંગ ઓપરેશનમાં મોટા કૌભાંડનો ખુલાસો થયો છે. ધારાસભ્યોને પોતાના મત વિસ્તારના વિકાસ કામ માટે ફાળવવામાં આવતા ફંડમાં 'કમિશનખોરી' કરી કૌભાંડ આચર્યુ છે. આ મામલે મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ તાત્કાલીક સમિતિ રચી કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. સરકારે ત્રણેય ધારાસભ્યોના 'ધારાસભ્ય વિકાસ ભંડોળ ખાતા' અટકાવી દીધા છે. મુખ્યમંત્રીએ ચાર સભ્યોની સમિતિ રચી છે અને તેમને ૧૫ દિવસમાં રિપોર્ટ સોંપવા આદેશ આપ્યો છે. સ્ટિંગ ઓપરેશનમાં ખીંવસરના ભાજપ ધારાસભ્ય રેવતરામ ડાંગા, હિંડોનના કોંગ્રેસ ધારાસભ્ય અનિતા જાટવ અને અપક્ષ ધારાસભ્ય ડૉ.રીતુ બનાવતના નામ સામે આવ્યા છે. આ ત્રણેય ધારાસભ્યોએ પોત-પોતાન મત વિસ્તારમાં 'ધારાસભ્ય ભંડોળ'માંથી કામ અપાવવા માટે કમિશન માંગ્યું હતું. આ મામલો સામે આવતા જ સરકારે સંબંધિત મત વિસ્તારોના ફંડ પર તાળું મારી દીધું છે. સ્ટિંગ ઓપરેશનમાં દાવા મુજબ, ધારાસભ્યોએ ૪૦ ટકા સુધીનું કમિશન માગ્યું હતું. એક વ્યક્તિ ડમી ફર્મનો પ્રોપરાઈટર બની ધારાસભ્યોનો સંપર્ક કર્યો હતો અને તે પોતે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સાથે સંબંધ ધરાવતો હોવાનું કહ્યું હતું. તેણે 'ધારાસભ્ય ભંડોળ' શાળામાં કારપેટ સપ્લાય કરવા માટે ધારાસભ્ય સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો. આ દરમિયાન ધારાસભ્યોએ તેના ખર્ચ અંગે પણ વાત ન કરી અને તેની જરૂરિયાત પર પણ વાત કરી ન હતી. ધારાસભ્યોની નજર માત્ર એક જ સવાલ પર ટકેલી હતી કે, 'અમને કેટલું કમિશન મળશે?' દાવા મુજબ, ભાજપ ધારાસભ્ય રેવંતરામ ડાંગાએ ૪૦ ટકા કમિશન આપવાના બદલે ૫૦ લાખ રૂપિયાનું કામ આપવાની વાત કહી છે. જ્યારે હિંડોનના કોંગ્રેસ ધારાસભ્ય અનિતા જાટવે ૫૦ હજાર રૂપિયા એડવાન્સ લઈને ૮૦ લાખ રૂપિયાનું કામ આપવા માટે ભલામણ પત્ર આપ્યો છે. જ્યારે બયાનાના અપક્ષ ધારાસભ્ય રીતુ બનાવતના પતિએ ૪૦ લાખ રૂપિયામાં ડીલ ફાઈનલ કરી હોવાનો દાવો કરાયો છે. ડાંગા અને અનિતાએ જિલ્લા પરિષદના સીઈઓના નામે ભલામણ પત્ર પણ આપી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનમાં દરેક વિસ્તારમાં વિકાસો કામો અને જનકલ્યાણ માટે દરેક ધારાસભ્યોને 'ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના' હેઠળ વર્ષે પાંચ કરોડ રૂપિયા ફંડ આપવામાં આવે છે. ત્યારે આવા ધારાસભ્યો કામને સમજ્યા કે જોયાજાણ્યા વગર કમિશનર લઈને કામ આપી દેતા હોય છે.

## મનરેગાની જગ્યાએ હવે "જી રામ જી"યોજના, સંસદમાં રજૂ થશે બિલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે મનરેગા યોજનાનું નામ બદલી નાખ્યું છે. હવે આ યોજનાનું નામ જી રામ જી યોજના હશે. કેન્દ્ર સરકાર આ અંગે સંસદમાં એક બિલ લાવશે.

કેન્દ્ર સરકારે મનરેગાનું નામ હવે વિક્સિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) **'VB-G RAM G'** કરીને એક બિલ લાવશે. સરકાર આ સાથે આ યોજનામાં વાર્ષિક રોજગાર માટેના દિવસોને પણ ૧૦૦થી વધારીને ૧૨૫ દિવસ કરવાની જાહેરાત કરી શકે છે.

અત્રે જણાવવાનું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)ને રદ કરી ગ્રામીણ રોજગાર માટે નવો કાયદો લાવવા સંબંધિત એક બિલની કોપીઓ લોકસભાના સભ્યોને વહેંચવામાં આવી છે.

બિલની કોપી મુજબ તેનો હેતુ વિક્સિત ભારત-રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) બિલ, ૨૦૨૫ સંસદમાં લાવવાનો અને ૨૦૦૫ના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને રદ કરવાનો પ્રસ્તાવ છે. બિલમાં કહેવાયું છે કે બિલનો હેતુ વિક્સિત ભારત ૨૦૪૭ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ મુજબ ગ્રામીણ વિકાસ માળખાને સ્થાપવાનો છે. જે હેઠળ અકુશળ શારીરિક શ્રમક કરવા માટે સ્વચ્છાએ આગળ આવનારા પ્રત્યેક ગ્રામીણ પરિવારના વયસ્ક સભ્યને દર નાણાકીય વર્ષમાં ૧૨૫ દિવસી મજૂરી આધારિત રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે. તેનો હેતુ લક્ષ્ય સશક્તિકરણ અને વિકાસને પ્રોત્સાહન આપીને સમૃદ્ધ અને સક્ષમ ગ્રામીણ ભારતનું નિર્માણ કરવાનો છે. આ બિલ લોકસભા સભ્યોને પહોંચતું કરી દેવાયું છે અને તે સદનમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે સંસદનું શિયાળુ સત્ર એક ડિસેમ્બરે શરૂ થયું હતું જે ૧૯ ડિસેમ્બરે સમાપ્ત થશે.

### કમર્શિયલ ક્ષમતા વધારવા ખાનગી કંપનીઓ પાંચ રોકેટ બનાવશે

## ઈસરો માર્ચ ૨૦૨૬ સુધીમાં ગગનયાન સહિત સાત મિશન લોન્ચ કરશે

### ભારતના સૌ પ્રથમ ઉદ્યોગ નિર્મિત પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (પીએસએલવી) દ્વારા તેને ભ્રમણકક્ષામાં તરતો મૂકવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈસરોએ માર્ચ મહિના સુધીમાં 7 અવકાશ મિશન લોન્ચ કરવા તૈયારી શર કરી છે. ઈસરોના આગામી મિશનમાં મુખ્યત્વે મેક ઈન્ડિયા પર મૂકવામાં આવ્યો છે. આ તમામ મિશનમાં ભારતમાં બનેલી ઈલેક્ટ્રિક પ્રોપલ્ઝન સીસ્ટમ અને ક્વોન્ટમ કી ડિસ્ટ્રિબ્યુશન ટેકનોલોજી હશે. આ સાથે ગગનયાન પ્રોજેક્ટ હેઠળ સૌ પ્રથમ માનવરહિત ક્રૂ ધરાવતું મિશન પણ લોન્ચ કરવામાં આવશે. ઈસરોના આગામી આયોજન પૈકીનું પ્રથમ લોન્ચ આગામી અઠવાડિયે થઈ શકે છે. ભારતના સૌથી ભારે રોકેટ LVM3 દ્વારા કમ્યુનિકેશન સેટેલાઈટ બ્લ્યૂબર્ડ-6ને ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. યુએસ સ્થિત AST સ્પેસ મોબાઈલ અને ઈસરોની ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે થયેલા કરાર અંતર્ગત આ લોન્ચ કરવામાં આવશે. કેન્દ્રિય મંત્રી જિતેન્દ્ર સિંઘે સંસદમાં માહિતી આપી હતી કે, LVM3માં ભારતના સૌ પ્રથમ ક્રૂ-રહિત મિશનનું વહન કરવામાં આવશે. માનવરહિત મિશનમાં વ્યોમમિત્ર નામનો આ રોબોટ ક્રૂના સભ્યોનું કામ કરશે. ઈસરો દ્વારા 2027માં લો અર્થ ઓરબિટ પર ભારતીય અવકાશયાત્રીઓને મોકલવાનું આયોજન છે, પરંતુ તે પહેલા આગામી વર્ષે અન્ય એક ક્રૂ-રહિત મિશન પાર પાડવામાં આવશે. ભારતના સૌ પ્રથમ ઉદ્યોગ નિર્મિત પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (પીએસએલવી) દ્વારા તેને ભ્રમણકક્ષામાં તરતો મૂકવામાં આવશે. પીએસએલવીમાં આ સાથે ઈન્ડો-મોરેશિયસના સંયુક્ત સેટેલાઈટ તથા ધ્રુવા સ્પેસના LEAP-2ને પણ ભ્રમણકક્ષામાં લઈ જવાશે. સેટેલાઈટ લોન્ચ ક્ષેત્રમાં કમર્શિયલ ક્ષમતા વધારવા માટે ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) દ્વારા હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને એલએન્ડટીના કોન્સોર્ટિયમને પાંચ પીએસએલવી રોકેટ બનાવવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં ટેકનોલોજી ટ્રાન્સફર બાબતે થયેલા કરાર અંતર્ગત આ કામગીરી હાથ ધરવામાં આવશે.

### વિશ્વના સૌથી મોટા લિસ્ટિંગ સાથે ઈતિહાસ રચશે

## ઈલોન મસ્કની સ્પેસએક્સ ૨૫થી ૩૦ અબજ ડોલરનો IPO લાવશેઃ રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

ઈલોન મસ્કની સ્પેસ સ્ટાર્ટઅપ સ્પેસએક્સ ૨૦૨૬માં ઈતિહાસ રચશે. રિપોર્ટ મુજબ, સ્પેસએક્સ આવતા વર્ષે પબ્લિક કંપની બનશે. કંપનીના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર બ્રેટ જ્હોનસને શેરહોલ્ડર્સને લખેલા લેટર અનુસાર કંપનીએ સેકન્ડરી શેરનું વેચાણ શરૂ કર્યુ છે. જેના દ્વારા કંપનીનું મૂલ્ય ૮૦૦ બિલિયન ડોલર એટલે કે, રૂ. ૭૨,૪૬૪,૦૦૦,૦૦૦,૦૦૦ આંકવામાં આવ્યું છે. આ સાથે જ ઈલોન મસ્કની કંપની વિશ્વના સૌથી મોટા આઈપીઓ સાથે રેકોર્ડ બનાવી શકે છે. ઉલ્લેખનીય છે કે, સ્પેસએક્સનો સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ બિઝનેસ અને તેનો ચંદ્ર અને મંગળ મિશન માટેનો સ્ટારશિપ રોકેટ પ્રોગ્રામ વૈશ્વિક નામના મેળવી ચૂક્યા છે. કંપનીના સીએફઓના લેટરમાં સ્પષ્ટ થયું છે કે, કંપની રોકાણકારો પાસેથી ૪૨૧ ડોલર પ્રતિ શેરના ભાવે ૨.૫૬ બિલિયન ડોલર (રૂ.૨૩,૧૬૮ કરોડ)ના શેર ખરીદશે. સ્પેસએક્સનો ટારગેટ સ્પેસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા સેન્ટરો તેનાત કરવાનો, સ્ટારશિપના ફ્લાઈટ રેટ વધારવાનો, મૂનબેઝ આલ્ફા બનાવવા અને મંગળ પર ક્રૂ સાથેનું અને ક્રૂ વગરનું મિશન મોકલવા માટે કેપિટલનો ઉપયોગ કરવાનો છે. મળતી માહિતી મુજબ, રોકેટ અને સેટેલાઈટ કંપની જૂનની શરૂઆતમાં ૨૫ બિલિયન ડોલર (રૂ. ૨.૨૬ લાખ કરોડ)નો આઈપીઓ લાવી શકે છે. સ્પેસએક્સના સંભવિત આઈપીઓનું રોકાણકારોએ સ્વાગત કર્યુ હતું. આ આઈપીઓ મસ્કના મંગળ મિશનને હકીકત બનાવી શકે છે. આઈપીઓ બાદ કંપનીનું મૂલ્ય રૂ. ૯૦.૫ લાખ કરોડથી વધુ અંકાશે. ક્રંચબેઝના ડેટા અનુસાર, ચેટજીપીટી મેકર ઓપનએઆઈ પછી સ્પેસએક્સ વિશ્વની બીજી સૌથી મૂલ્યવાન પ્રાઈવેટ સ્ટાર્ટઅપ છે. આઈપીઓ તેમના પ્રાઈવેટ હિસ્સાને મૂલ્યવાન બનાવશે. ટેસ્લા અને અન્ય બિઝનેસના પોર્ટફોલિયોમાં ઉમેરો થશે. બ્લૂમબર્ગનું બિલ્યોનેર્સ ઈન્ડેક્સ મસ્કના હાલના નેટવર્થને લગભગ ૪૬૦.૬ અબજ ડોલર દર્શાવે છે. જેમાંથી આશરે ૧૩૬ અબજ ડોલર તેમના સ્પેસએક્સના હિસ્સાને આભારી છે. જો સ્પેસએક્સ લગભગ ૧.૫ ટ્રિલિયન ડોલર પર લિસ્ટ થાય તો જાણકારોના મતે, તેનું શેરહોલ્ડિંગ ૬૨૫ અબજ ડોલર થઈ જશે. જે કાગળ પર એક જ ધડાકે ૪૯૦ અબજ ડોલર ઉમેરશે. આઈપીઓ મસ્કની સંપત્તિને લગભગ ૯૫૨ અબજ ડોલર સુધી લઈ જશે. સ્પેસએક્સના શેરના ભાવમાં વધારો પહેલા દિવસે અથવા પહેલા અઠવાડિયામાં જ મસ્કની સંપત્તિને ટ્રિલિયન ડોલર પાર લઈ જશે.




# તંત્રી લેખ......

## યહૂદી સમુદાયના સભ્યોને નિશાન બનાવીને વધુ એક આતંકવાદી હુમલો

ઓસ્ટ્રેલિયન શહેર સિડનીમાં દરિયા કિનારે આતંકવાદીઓએ જે રીતે યહૂદી સમુદાયના સભ્યોને નિશાન બનાવ્યા, જેમાં દસથી વધુ લોકો માર્યા ગયા, તે ફરી એકવાર જેહાદી આતંકવાદના ભયાનક ખતરાને સામે લાવ્યું છે. હવે જ્યારે હુમલાખોરોની ઓળખ થઈ ગઈ છે, ત્યારે તેમાં કોઈ શંકા નથી કે તેઓ કટ્ટરપંથી ઈસ્લામિક વિચારધારાને વળગી રહ્યા હતા, ન તો તેમનો હેતુ યહૂદીઓને નિશાન બનાવવાનો હતો, કારણ કે હનુક્કાહની ઉજવણી કરવા માટે બીચ પર મોટી સંખ્યામાં ભેગા થયેલા લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો.

જ્યારે ઓસ્ટ્રેલિયન સરકારે આ ભયાનક હુમલાને આતંકવાદી કૃત્ય જાહેર કર્યો છે, ત્યારે એ વાતને અવગણી શકાય નહીં કે તે યહૂદીઓને ડરાવવામાં રોકાયેલા ઉગ્રવાદી ઈસ્લામિક જૂથોની પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સંબોધવામાં નિષ્ફળ જવાના આરોપોનો સામનો કરી રહી છે. આ આતંકવાદી ઘટનાને ગાઝામાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષના પરિણામે જોવામાં આવી રહી છે.

આ લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષે વૈશ્વિક સ્તરે યહૂદી વિરોધી વાતાવરણ ઊભું કર્યું છે, જેને ઉગ્રવાદી ઈસ્લામિક જૂથો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, અને તેના કારણે યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ યહૂદીઓ પર હુમલા થયા છે. વધુમાં, અન્ય પશ્ચિમી દેશોમાં યહૂદીઓને નિશાન બનાવતી છૂટાછવાયા ઘટનાઓ બની છે, પરંતુ એવું કહેવું વધુ પડતું સરળીકરણ હશે કે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષે કટ્ટરપંથી ઈસ્લામિક જૂથોને વધુ તીવ્ર બનવાની તક આપી છે.એ નોંધવું જોઈએ કે ઉગ્રવાદી ઈસ્લામિક વિચારધારા ધરાવતા જૂથો લાંબા સમયથી પશ્ચિમ અને વિશ્વના ઘણા અન્ય દેશોમાં આતંકવાદી હુમલાઓ કરે છે, જેના પરિણામે નોંધપાત્ર જાનહાનિ થાય છે. ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકવાદી હુમલાની વૈશ્વિક સ્તરે નિંદા થાય અને શોક વ્યક્ત કરવામાં આવે તે સ્વાભાવિક છે, પરંતુ આ એકલું પૂરતું નથી. વિશ્વભરમાં જેહાદી આતંકવાદના ઉભરતા ખતરાને ધ્યાનમાં રાખીને, વૈશ્વિક સમુદાયે આ ખતરાનો સાથે મળીને સામનો કરવાની જરૂર છે.

દુર્ભાગ્યપૂર્ણ છે કે આતંકવાદી ઘટનાઓનો સતત પ્રવાહ ચાલુ હોવા છતાં, વૈશ્વિક સ્તરે આતંકવાદ હજુ પણ અવ્યાખ્યાયિત છે. તેનાથી પણ ખરાબ વાત એ છે કે આતંકવાદી સંગઠનોને સમર્થન, સહાય અને રક્ષણ આપતા દેશો સામે જરૂરી કાર્યવાહી ટાળવામાં આવી રહી છે. આ દેશોમાં પાકિસ્તાન સૌથી આગળ છે.

વિશ્વ સમુદાયે સમજવું જોઈએ કે ફક્ત આતંકવાદી કૃત્યોની નિંદા કરીને આતંકવાદનો સામનો કરી શકાતો નથી. આ આતંકવાદનો સામનો કરવા માટે, વિશ્વ સમુદાયે એકતા અને જરૂરી ઈચ્છાશક્તિ દર્શાવવી જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો ઓલ ટાઈમ હાઈ સ્તરેઃ ચાંદીના વાયદામાં રૂ.૫૨૮૦નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૫ ઢીલો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૭૪૪.૩૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૯૯૭૭.૨૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૯૦૮૩.૩૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૨૯૦૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૩૭૨૮.૪૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૭૪૪.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૯૯૭૭.૨૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૯૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૪૨.૬૨ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૯૦૮૩.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪૨૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૪૯૬ના ઓલ ટાઈમ હાઈ સ્તરે અને નીચામાં રૂ.૧૩૪૨૦૪ના મથાળે અથડાઈ, રૂ.૧૩૩૬૨૨ના આગલા બંધ સામે રૂ.૧૫૪૮ વધી રૂ.૧૩૫૧૭૦ થયો હતો.

ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૩૯ વધી રૂ.૧૦૭૭૭૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૭૪ વધી રૂ.૧૩૪૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫૫ વધી રૂ.૧૩૩૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૭૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૩૮૫૯ અને નીચામાં રૂ.૧૩૨૪૯૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૧૮૯૫ના આગલા બંધ સામે રૂ.૧૬૫૦ વધી રૂ.૧૩૩૫૪૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૯૪૭૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૯૯૦૪૬ અને નીચામાં રૂ.૧૯૪૬૮૧ના મથાળે અથડાઈ, રૂ.૧૯૨૮૫૧ના આગલા બંધ સામે રૂ.૫૨૮૦ વધી રૂ.૧૯૮૧૩૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૧૩૨ વધી રૂ.૧૯૮૬૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૨૦૭ વધી રૂ.૧૯૮૭૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૨૮૪૭.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧૩.૧ વધી રૂ.૧૧૦૯.૯ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૩ ઘટી રૂ.૩૧૫.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨.૪ વધી રૂ.૨૮૧.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૮૧.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૮૦૪.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૩૬ અને નીચામાં રૂ.૩૬૪૦ના મથાળે અથડાઈ, રૂ.૨ વધી રૂ.૩૬૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૪૭ અને નીચામાં રૂ.૫૨૦૬ના મથાળે અથડાઈ, રૂ.૫૨૨૮ના આગલા બંધ સામે રૂ.૧૫ ઘટી રૂ.૫૨૧૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૫ ઘટી રૂ.૫૨૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧ ઘટી રૂ.૩૭૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૩૭૫.૬ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૩.૭ના ભાવે ખૂલી, રૂ.૬.૭ વધી રૂ.૯૩૪.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૩૭૦ વધી રૂ.૨૫૩૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૦ના ભાવે ખૂલી, રૂ.૭ ઘટી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૯૪૪.૬૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૧૩૮.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૧૨૯.૯૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૯૩.૭૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૬.૫૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૫૦૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૯.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૦૮.૯૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૫૪૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૧૧૮૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૫૦૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૮૬૫૪૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૦૬૮૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૪૭૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૭૮૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૫૬૩૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૮૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૦૩૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૫૨૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૬૯૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૨૯૭૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૨૫૨૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૫૫ પોઈન્ટ વધી ૩૨૯૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૮ ઘટી રૂ.૩૩.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧૫.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૮ વધી રૂ.૧૭૨૩ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૫૧.૫ વધી રૂ.૫૫૫૦ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮ વધી રૂ.૧૬.૮૩ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૨.૬૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૭ ઘટી રૂ.૪૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૧૯.૭૫ થયો હતો.

આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૭૫.૫ ઘટી રૂ.૧૦૫૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૬૮ ઘટી રૂ.૧૨.૩૭ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૨ ઘટી રૂ.૩.૦૧ના ભાવે બોલાયો હતો.

## મહારાષ્ટ્રની હચમચાવતી ઘટનાઃ કોથળામાં બાંધી કાર સાથે યુવકને સળગાવી નાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)લાતુર

મહારાષ્ટ્રના લાતુરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં કારમાંથી એક વ્યક્તિનો સળગેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ બેંકના રિકવરી એજન્ટ તરીકે થઈ છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે તે વ્યક્તિને કોથળામાં બાંધીને તેની કાર સાથે જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, લાતુરના ઔસા તાલુકાના વાનવડા રોડ પર બની હતી. કારની અંદરથી એક બળી ગયેલી કાર મળી આવી હતી, અને ઔસા ટાંડાના રહેવાસી ગણેશ ચૌહાણનો સળગેલો મૃતદેહ કોથળામાં લપેટાયેલો મળી આવ્યો હતો. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. બેંક એજન્ટને પહેલા કોથળામાં બાંધવામાં આવ્યો હતો અને પછી કારને આગ લગાવી દેવામાં આવી હતી. માહિતી મળ્યા બાદ, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી. મૃતક ગણેશ ચવ્હાણ બેંકમાં રિકવરી એજન્ટ તરીકે કામ કરતા હતા.પોલીસ ઘટનાસ્થળે પહોંચી, તપાસ રિપોર્ટ તૈયાર કર્યો અને મૃતદેહ પરિવારને સોંપ્યો. પોલીસ આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. તેઓ આ પ્રશ્નના જવાબો શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

કેસની તપાસ કરી રહેલા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, રાતે ફોન આવ્યો હતો. ઘટનાની જાણ થતાં, કેટલાક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. ઘટનાસ્થળે પહોંચતા જ પોલીસે એક કારમાં આગ લાગી હોય તેવું જોયું અને ફાયર બ્રિગેડને જાણ કરી.

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઊંડો શોક વ્યક્ત કર્યો

## પૂર્વ સાંસદ રામવિલાસ વેદાંતીનું હાર્ટ એટેક આવતા નિધન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યા રામ મંદિર આંદોલનના મુખ્ય સ્તંભ અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સાંસદ ડૉ. રામવિલાસ વેદાંતીનું સોમવારે નિધન થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત નાદુરસ્ત હતી અને તેઓ મધ્યપ્રદેશના રીવા ખાતે આવેલી સંજય ગાંધી મેમોરિયલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જ્યાં સોમવારે બપોરે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના પાર્થિવ દેહને અયોધ્યા લાવવામાં આવી રહ્યો છે, જ્યાં મંગળવારે સરયૂ નદીમાં તેમને જળ સમાધિ આપવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત અનેક નેતાઓએ તેમના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. ૬૭ વર્ષીય ડૉ. વેદાંતી છેલ્લા બે દિવસથી મધ્યપ્રદેશના રીવામાં રામકથા માટે ગયા હતા. રવિવારે તેમને પેશાબ સંબંધિત તકલીફ થતાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવને તેમના બીમાર હોવાની જાણ થતાં તેમણે એરલિફ્ટ કરીને ભોપાલ લઈ જવાની વ્યવસ્થા કરી હતી, પરંતુ ઓછી વિઝિબિલિટીને કારણે વિમાન લેન્ડ ન થઈ શકતા તેમને પાછા રીવાની હૉસ્પિટલમાં જ દાખલ કરવા પડ્યા હતા. આ દરમિયાન, મધ્યરાત્રિએ તેમને હાર્ટ એટેક આવ્યો હતો.

સોમવારે સવારે ફરીથી હાર્ટઅટેક આવતા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હૉસ્પિટલ મેનેજમેન્ટનો સંપર્ક કરી તેમના સ્વાસ્થ્યની જાણકારી લીધી હતી. તેમને એરલિફ્ટ કરીને મેદાંતા હૉસ્પિટલ લઈ જવાની તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ ખરાબ હવામાન અને ડૉ. વેદાંતીની અસ્થિર તબિયતને કારણે ડૉક્ટરોએ એરલિફ્ટ કરવાની મંજૂરી આપી ન હતી. આ દરમિયાન, બપોરે સાડા બાર વાગ્યે તેમના શ્વાસ થંભી ગયા હતા. ડૉ. વેદાંતીના નિધન પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શોક વ્યક્ત કરતાં કહ્યું, "શ્રીરામ જન્મભૂમિ આંદોલનના મુખ્ય સ્તંભ, પૂર્વ સાંસદ અને પૂજ્ય સંત ડૉ. રામવિલાસ વેદાંતીજી મહારાજનું દેવલોક પામવું એ આધ્યાત્મિક જગત અને સનાતન સંસ્કૃતિ માટે અપૂર્ણીય ક્ષતિ છે. તેમનું જવું એ એક યુગનો અંત છે."

## યુપીએસસી સિવિલ સર્વીસીઝ પરીક્ષા ૨૦૨૫ની મુખ્ય પરીક્ષામાં સ્પીપાના ૭૬ તાલીમાર્થીઓ પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થયા

### સ્પીપામાં પર્સનાલિટી ટેસ્ટ માટેના તાલીમવર્ગ અને પ્રશિક્ષણ વર્ગમાં અપાતી સુવિધાઓ અને પ્રોત્સાહન સહાય થકી યુપીએસસીમાં તાલીમાર્થીઓ મેળવી રહ્યા છે ઝળહળતી સફળતા

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા)એ ગુજરાત સરકારની સર્વોચ્ચ તાલીમી સંસ્થા છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨થી 'સ્પીપા' અમદાવાદ ખાતે ગુજરાતના વધુમાં વધુ ઉમેદવારો યુપીએસસીની પરીક્ષામાં સફળ થાય તે માટે 'યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ સ્ટડી સેન્ટર' મારફત અખિલ ભારતીય સેવાઓ તથા અન્ય કેન્દ્રીય સેવાઓ માટે પ્રશિક્ષણ વર્ગ શરૂ કરેલ છે.

યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ પરીક્ષા ૨૦૨૫ની મુખ્ય પરીક્ષા ઓગષ્ટ ૨૦૨૫માં યોજવામાં આવી હતી. જેમાં સ્પીપાના કુલ ૨૭૨ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા આપી હતી. યુ.પી.એસ.સી. દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ મુખ્યપરીક્ષા ૨૦૨૫નું પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨,૭૩૬ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે ક્વોલિફાય કરવામાં આવ્યા છે.

છેલ્લા ત્રણ વર્ષમાં સ્પીપામાંથી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થનાર તાલીમાર્થીઓની સંખ્યા કુલ ૧૬૦ હતી. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના મુખ્ય પરીક્ષાના તાલીમ વર્ગમાં જોડાયેલા ૨૭૨ ઉમેદવારોમાંથી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થનાર તાલીમાર્થીઓની શરૂઆતની સંખ્યા ૪૯થી વધીને હવે ૭૬ તાલીમાર્થીઓ સુધી પહોંચી છે. તેમજ સ્પીપાના એવા જુના તાલીમાર્થીઓ કે જેમણે યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૫ પાસ કરેલ હોય તેવા ઉમેદવારો પણ સ્પીપાના પર્સનાલિટી ટેસ્ટમાં જોડાઈ શકે છે. આમ, ઉક્ત સંખ્યામાં વધારો થવાની સંભાવના છે, એમ સંયુક્ત નિયામક (સ્ટડી), સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

★પર્સનાલિટી ટેસ્ટ માટેનો તાલીમવર્ગ:

યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ પરીક્ષા૨૦૨૫ના પર્સનાલિટી ટેસ્ટના તાલીમ વર્ગમાં વ્યાખ્યાન, ગ્રુપડિસ્કશન. વન ટુ વન ઈન્ટરવ્યુ અને પાંચ કે છ નિષ્ણાંત અને અનુભવી અધિકારીશ્રીઓ (IAS, IFS, IPS etc) તેમજ અનુભવી વ્યાખ્યાતાશ્રીઓની કમિટી બનાવી મોક ઈન્ટરવ્યુ દ્વારા સઘન તાલીમ આપવામાં આવે છે.

મોક ઈન્ટરવ્યુમાં તાલીમાર્થીના થયેલ સંપૂર્ણ મોકની વિડિયોગ્રાફીપણકરવામાં આવે છે. જેથી તાલીમાર્થી પોતે પોતાનો વિડિયો જોઈને અને કમિટી દ્વારા મળેલ રીમાર્કસ મુજબ પોતાની પર્સનાલિટીમાં સુધારો કરી શકે.

તદ્દપુરાંત, યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીઝના તમામ પ્રશિક્ષણ વર્ગોમાં અપાતી સવલતો અને પ્રોત્સાહન સહાયની વિગતો નીચે મુજબ છે.

★પ્રશિક્ષણ વર્ગમાં અપાતી સવલતો:-

- સ્પીપા દ્વારા યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષાના તાલીમવર્ગના ભાગરૂપે પ્રિલિમ પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને સાક્ષાત્કાર કસોટીની સઘન તાલીમ આપવામાં આવે છે.
- સ્પીપા ખાતે યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા દરેક તબક્કા માટે વિના મૂલ્યે પ્રશિક્ષણ આપવામાં આવે છે.
- સ્પીપાની લાયબ્રેરીમાં ૫૦,૦૦૦ કરતાં પણ વધારે પુસ્તકો છે. યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષાની તૈયારી માટે જરૂરી એવા તમામ પ્રકારના પુસ્તકો, મેગેઝીન, ન્યુઝ પેપર્સ વગેરે જરૂરી સંખ્યામાં રાખવામાં આવે છે.

### અત્યાર સુધી ૫૮ હજાર ખેડૂતોની અરજીઓ મંજૂર કરાઈ

## આણંદ જિલ્લામાં પાક નુકસાની સહાય મેળવવા ૭૨૦૦૦ ખેડૂતોએ અરજી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

રાજ્યભરની સાથે આણંદ જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પાકમાં થયેલ નુકસાની માટે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ખેડૂતોએ નુકસાની સહાય મેળવવા માટે અરજી કરી શકે છે.કુદરતી આપત્તિની આ અણધારી આફતમાં રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી ખેડૂતોની પડખે ઉભી છે. જે અંગે તાત્કાલીક સર્વે કરાવી ખેડૂતો માટે ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરેલ છે, અને ખેડૂતોને હેકટર દીઠ રૂપિયા ૨૨,૦૦૦, વધુમાં વધુ બે હેકટર માટે રૂપિયા ૪૪,૦૦૦ સુધી સહાય આપવામાં આવનાર છે. આણંદ જિલ્લા ખેતીવાડી અધિકારી ચિંતન પટેલના જણાવ્યા મુજબ આણંદ જિલ્લામાં કુલ ૭૨,૦૦૦ ખેડૂતોએ સહાય મેળવવા માટે અરજી કરી છે, તે પૈકી અરજીની જરૂરી ચકાસણી કરી આજદિન સુધીમાં સુધી ૫૮,૦૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.મંજુર કરવામાં આવેલ અરજીઓ પૈકી ૩૬૮૫૮ ખેડૂતોને રૂપિયા ૬૪.૮૫ કરોડની ઓનલાઈન ચુકવણૂં પણ પૂર્ણ કરવામાં આવેલ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના ત્રણ વર્ષ : જન – જન સુધી પહોચી આરોગ્ય સેવા

## છેલ્લા ત્રણ વર્ષમાં શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી રાજ્યના ૪.૫ કરોડથી વધુ બાળકોએ લીધો લાભ

### આ કાર્યક્રમ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ હૃદય સંબંધિત સર્જરી-સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફટ લીપ પેલેટ તેમજ ૬૯૨ કેન્સર રોગની સારવાર અપાઈ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના કાર્યકાળના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસયાત્રાને નવી ગતિ આપી છે. આ ત્રણ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના પ્રતીક બન્યા છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા નેતૃત્વમાં આજે આરોગ્યને લગતી જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાનાં નાગરીકો સુધી પહોચી છે. જેના ભાગરૂપે છેલ્લા ત્રણ વર્ષમાં શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી રાજ્યના ૪.૫ કરોડથી વધુ બાળકોએ આ યોજનાનો લાભ લીધો છે.

આ યોજના હેઠળ રાજ્યમાં દર વર્ષે અંદાજિત સરેરાશ કુલ ૧ કરોડ ૮૯ લાખથી વધુ બાળકોની આરોગ્ય ચકાસણી કરી સ્થળ પર સારવાર કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરીયાતવાળા બાળકોને સરકારી આરોગ્ય સંસ્થાઓ PHC-CHC-SDH, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજ અને હોસ્પિટલો તથા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો ખાતે રીફર કરીને તદન વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસન અંતર્ગત આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ બાળકોને હૃદય સબંધિત સર્જરી અને સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફટ લીપ પેલેટ, ૬૯૨ કેન્સર રોગની સારવાર, ૭૫૧ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૪૨ કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૩ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તેમજ ૧૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે.

શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ બાળકોના નિદાન, રિફર અને સારવાર માટે ગુજરાતમાં કુલ – ૨૮ ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન સેન્ટર (DIEC) કાર્યરત કરવામાં આવ્યા છે. વધુમાં રાજયમાં કુલ ૯૯૨ આર.બી.એસ.કે મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે. આ ટીમો ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા નવજાત શીશુથી ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસ કરી સારવાર કરવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ડીલીવરી પોઈન્ટ ખાતે દરેક નવજાત શીશુનું બર્થ ડીફેકટ સ્ક્રીનીંગ કરવામાં આવે છે. ઉપરાંત નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકોનું "4D બર્થ ડીફેકટ, ડેવલપમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી માટે નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ભાવનગર રેલવે મંડળ પર આયોજિત ૯૮મી પેન્શન અદાલતમાં પેન્શન સંબંધિત ૨૨૫ કેસોનું નિપટારું







પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ પર તારીખ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ (સોમવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની અધ્યક્ષતામાં "૯૮મી પેન્શન અદાલત"નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ પેન્શન અદાલતમાં મંડળના નિવૃત્ત કર્મચારીઓની પેન્શન સંબંધિત વિવિધ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું. પેન્શન ચુકવણી આદેશ **(PPO)**, ફિક્સ્ડ મેડિકલ એલાઉન્સ, ગ્રુપ ઈન્શ્યોરન્સ સહિત પેન્શન સંબંધિત બ્રોડગેજ વર્કશોપના ૮ કેસો અને મંડળ કચેરીના ૨૧૭ કેસો સહિત કુલ ૨૨૫ કેસોનું તત્પરતા અને સંતોષજનક રીતે નિપટારું કરવામાં આવ્યું.


ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પેન્શન અદાલતને સફળ બનાવવામાં કાર્મિક વિભાગ, નાણાં વિભાગ, નિપટારા શાખા અને વેલફેર ઈન્સ્પેક્ટર્સની ટીમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી, જેમના સંકલિત પ્રયત્નોથી તમામ કેસોનું સમયસર નિરાકરણ શક્ય બન્યું.

પેન્શન સંબંધિત મુદ્દાઓના ઝડપી નિરાકરણ અને ત્વરિત કાર્યવાહી બદલ "ઓલ ઈન્ડિયા રેલવે પેન્શનર્સ એસોસિયેશન" તથા "અખિલ ભારતીય રેલવે પેન્શનર્સ વેલફેર ફેડરેશન **(All India Railway Pensioners Welfare Federation)**" દ્વારા રેલવે પ્રશાસનના પ્રયાસોની પ્રશંસા કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ અવસરે શ્રી હિમાંશુ શર્મા (અપર મંડળ રેલ પ્રબંધક), શ્રી હુબલાલ જગન (વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી), શ્રી મોહિત પંચાલ (વરિષ્ઠ મંડળ નાણાં પ્રબંધક), શ્રી વાય. રાધેશ્યામ (સહાયક કાર્મિક અધિકારી), શ્રી સંતોષ કુમાર વર્મા (સહાયક કાર્મિક અધિકારી), શ્રી વિરેન્દ્ર પ્રતાપ સિંહ (વરિષ્ઠ કાર્મિક અધિકારી – બ્રોડગેજ વર્કશોપ) અને શ્રી સંજય સક્સેના (સહાયક મંડળ નાણાં પ્રબંધક) સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

# વડોદરા મંડળ દ્વારા ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી, લોકોને ઉર્જા સંરક્ષણ વિશે જાગૃત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ ઊર્જા સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે. આ ક્રમમાં વડોદરા મંડળ દ્વારા તા. ૦૮ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન ઊર્જા સંરક્ષણ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મંડળના તમામ રેલ કર્મચારીઓ તથા અધિકારીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો. આ અવસર પર ઊર્જા સંરક્ષણના મહત્વને રેલકર્મીઓ તેમજ જનસામાન્ય સુધી પહોંચાડવા માટે વિવિધ જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.




વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, ઊર્જા સંરક્ષણ સપ્તાહ દરમિયાન મંડળના તમામ રેલવે સ્ટેશનો પર લોકોને જાગૃત કરવા માટે ઊર્જા સંરક્ષણ સંબંધિત પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. ઉપરાંત, મંડળ મુખ્યાલય ખાતે ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યક્ષમતા વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડોદરા મંડળના અધિકારીઓએ હાજરી આપી લાભ લીધો હતો. આ ઉપરાંત, રેલવે દ્વારા ફાળવવામાં આવેલા મોબાઈલ સિમ કાર્ડ્સ પર ઊર્જા સંરક્ષણ આધારિત કોલર ટ્યુન (રિંગટોન) મૂકીને રેલકર્મીઓમાં જાગૃતિ ફેલાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શ્રી સક્સેનાએ વધુમાં જણાવ્યું હતું કે ઊર્જા સંરક્ષણ સપ્તાહ અંતર્ગત ઊર્જા સંરક્ષણ તથા ઊર્જા કાર્યક્ષમતા સંબંધિત "શું કરવું / શું ન કરવું" વિષયક માર્ગદર્શક સૂચનો સાથેની એક સંક્ષિપ્ત પત્રિકા પ્રકાશિત કરી રેલ કર્મચારીઓ તથા અધિકારીઓમાં જાગૃતિના હેતુસર વિતરણ કરવામાં આવી હતી. વડોદરા મંડળ ઊર્જા સંરક્ષણ તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સાથે ભવિષ્યમાં પણ આવા સતત અને અસરકારક પગલાં અપનાવતું રહેશે.

# યુવતીની મૈત્રી ભારે પડી, રોકાણના નામે ૧.૦૫ કરોડ ખંખેર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં રહેતા એક યુવકને એક યુવતીએ ફેસબુક પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી. બંને વચ્ચે વાતચીત થયા બાદ યુવતીએ એક જ માસમાં યુવકને શેરબજારમાં રોકાણની લાલચ આપતા યુવક ફસાઈ ગયો હતો. તેણે યુવતીની લાલચમાં આવીને બે જ માસમાં ૧.૦૫ કરોડનું રોકાણ કર્યુ હતું. જેની સામે ૨.૨૪ કરોડ વોલેટ બેલેન્સ બતાવતા તેણે વિડ્રો કરવાની પ્રોસેસ કરતા આઈડી સસ્પેન્ડ થયુ હોવાનું બતાવવામાં આવ્યું હતું. જે બાદ ગઠિયાઓએ ફોરેક્સ ફી પેટે ૬૦ લાખ ટેક્સ ભરવાનું કહેતા તેને ફ્રોડની શંકા ગઇ હતી. જેથી આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ ઉત્તર પ્રદેશનો ૩૮ વર્ષીય યુવક નાના ચિલોડા નજીક રહે છે અને ગિફ્ટ સિટી પાસે મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવે છે. ગત સપ્ટેમ્બર માસમાં તેને ઈશીતા અરોરા નામની યુવતીએ ફેસબુક રિકવેસ્ટ મોકલી હતી. જે બાદ બંને વોટ્સએપ પર વાત કરતા હતા. ઈશીતાએ પોતે ફેશન ડિઝાઈનર હોવાનું કહીને પોતે દિલ્હીની છે અને સાઉથ બોપલમાં રહે છે તેવી વાતો કરીને ટ્રેપ ગોઠવી હતી. જે બાદ વાત વાતમાં ઈશીતાએ શેરબજારમાં રોકાણ કરવાથી ઊંચા વળતરની લાલચ આપીને એક એપ્લિકેશનની વાત કરી હતી. યુવક અને ઈશા વચ્ચે એક મહિના સુધી શેરબજાર, કામકાજ અને મિત્રતાની વાતો થઇ હતી. આ દરમિયાનમાં ઈશીતાએ ભરોસો કેળવીને યુવકને એક લિંક મોકલી હતી. જે લીંક મારફતે યુવકનું આઈડી અને વોલેટ બન્યુ હતું. જે બાદ પહેલા યુવકે ૫૦ હજારની રકમનું રોકાણ કર્યુ હતું અને તે જ દિવસે તેનો ૧૦૦ યુએસ ડોલરનો પ્રોફિટ બતાવ્યો હતો. જેથી યુવકે તે રકમ વિડ્રો કરવા જતા ૯૩૦૦ રૂપિયા ખાતામાં આવી ગયા હતા. આમ, ઈશીતા પર ભરોસો રાખીને આ યુવકે બે જ માસમાં ૧૭ જેટલા ટ્રાન્ઝેક્શનથી રૂ. ૧.૦૫ કરોડની રકમનું રોકાણ કર્યુ હતું. જેની સામે વોલેટ બેલેન્સ રૂ. ૨.૨૪ કરોડ બતાવતુ હતું. જેથી યુવક લાલચમાં આવીને તે રકમ વિડ્રો કરવા જતા તેનું આઈડી સસ્પેન્ડ થયું હોવાનું બતાવવામાં આવ્યુ હતું. તેણે ઈશીતાને વાત કરતા ફોરેક્સ ફી પેટે ૬૦ લાખ ટેક્સ ભરવાનું કહેતા તેને છોડની શંકા ગઇ હતી. જેથી આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નારણપુરામાં રહેતા વૃદ્ધને ફેસબુક પર શેરબજારમાં રોકાણ માટેનો મેસેજ આવ્યો હતો. જે બાદ ગઠિયાઓએ તેમને લિંક મોકલીને વોટ્સએપ ગ્રૂપમાં એડ કર્યા હતા.

# નરોડામાં ગોગો પેપરના બહાને ગાંજાનું વેચાણ ઝડપાયું, SOGના દરોડામાં ૨ની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ **(SOG)** પોલીસને મળેલી બાતમીના આધારે નરોડા વિસ્તારમાં આવેલા સાવરિયા શેઠ પાન પાર્લર પર દરોડો પાડીને ગાંજાનું વેચાણ કરતા બે શખસોને પકડી પાડ્યા છે. આ આરોપીઓ ગોગો પેપરના નામે ગ્રાહકોને ગાંજો વેચતા હતા. પોલીસે સ્થળ પરથી આશરે ૯૨,૦૦૦ની કિંમતનો ૧ કિલો ૬૫૦ ગ્રામ ગાંજો કબજે કર્યો છે. પકડાયેલા બે આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદના નરોડા વિસ્તારમાં ગેરકાયદેસર નશીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યું હોવાની ચોક્કસ માહિતી **sog**ના પીએસઆઈ જેબી દેસાઈને મળી હતી.

આ માહિતીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી અને નરોડામાં આવેલા સાવરિયા શેઠ પાન પાર્લર પર પોલીસે છાપો માર્યો હતો. પોલીસે સ્થળ પરથી વિજયસિંહ બલાત અને પિયુષ નામના બે વ્યક્તિઓને પકડી પાડ્યા હતા. આ બંને આરોપીઓ પાનની દુકાનના ઓઠા હેઠળ ગુપ્ત રીતે ગોગો પેપરના નામે ગાંજાનું વેચાણ કરી રહ્યા હતા. પોલીસે જ્યારે પાનની દુકાનના ગલ્લાની તલાશી લીધી, ત્યારે તેમાંથી ૧ કિલો અને ૬૫૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. બજારમાં આ ગાંજાની અંદાજિત કિંમત રૂપિયા ૯૨,૦૦૦ ગણવામાં આવી છે, જે પોલીસે કબજે કરી છે. પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ **NDPS** એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.મુખ્ય આરોપી વિજયસિંહ બલાત મૂળ રાજસ્થાનનો વતની છે અને છેલ્લા બે મહિનાથી તે તેના મામાના ઘરે રહીને આ નનો ગલ્લો ચલાવતો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે વિજયસિંહ પોતે ગ્રેજ્યુએટ છે અને તેણે રાજસ્થાનમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલો છે. તેણે પોલીસને જણાવ્યું હતું કે તે આ ગાંજો રાજસ્થાનના ઝાલોરના સુરેન્દ્રસિંહ નામના વ્યક્તિ પાસેથી ખરીદીને લાવતો હતો. બીજો આરોપી પિયુષ પ્રફુલભાઈ માત્ર ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલો છે અને તે વટવા વિસ્તારનો રહેવાસી છે. પિયુષ મુખ્યત્વે કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જોકે, ફાજલ સમયમાં તે તેના મિત્ર વિજયસિંહના પાનના ગલ્લા પર બેસીને ગાંજાના વેચાણમાં મદદરૂપ થતો હતો.

# અમરેલી જિલ્લામાં વધુ એક શાળામાં ફી કૌભાંડ : ડાયમંડ એસોસીએશનના પ્રમુખ દ્વારા તપાસની કરાઈ માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

હીરા ઉદ્યોગમાં મંદીને કારણે બાળકોના શિક્ષણ પર અસર પડતી હોવાની રજુઆતો બાદ રાજ્ય સરકારે રત્નકલાકારોના બાળકોને શાળાની ફી માટે રાહત પેકેજની જાહેરાત કરી હતી. સરકારનો ઉદેશ તો રત્ન કલાકારોના પરીવારજનોને આર્થિક મદદ કરવાનો હતો. પરંતુ આ રાહત પેકેજનો લાભ અમરેલી જિલ્લાની કેટલીક શાળાઓના સંચાલકો પોતાના આર્થિક હિત માટે લઈ રહ્યા હોવાની ફરીયાદો જિલ્લામાં ઉઠવા પામી છે. થોડા દિવસ અગાઉ જ કરીયાણા ગામે ખાનગી શાળાના સંચાલકો વધુ ફી લેતા હોવાના આક્ષેપો બાદ આજે વધુ એક શાળા સંચાલકો સામે આક્ષેપો થયા છે. દામનગરમાં આવેલી નવજયોત સ્કુલના સંચાલકો સામે પણ અમરેલી જિલ્લા ડાયમંડ એસોસીએશનના પ્રમુખ લલીતભાઈ ઠુમ્મર તેમજ દામનગર ડાયમંડ એસોસીએશનને ગંભીર આક્ષેપો સાથે ફરીયાદ કરી છે. તેમણે નવજયોત સ્કુલ દામનગર દ્વારા બાળકોની સ્કુલ ફી રસીદ સામે રાહત પેકેજમાંથી આવેલી વધારે રકમ જમા લીધેલ હોવાનુ જણાવ્યુ છે. આ અંગે કલેકટર, જિલ્લા શિક્ષણ અધિકારી અને ઉદ્યોગ કેન્દ્ર અમરેલીને પણ ફરીયાદ કરવામાં આવી હોવાનુ જણાવ્યુ હતું. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે જો કોઈ આવી ફરીયાદ આવશે તો તેની સામે યોગ્ય તપાસ કરવામાં આવશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી કાનુની વિવાદમાં : વિલંબ થવાની શકયતા

## મહાપાલિકા-પાલિકા-પંચાયતોની ચુંટણીમાં ૨૭ ટકા અનામત રોસ્ટરને પાસના આગેવાન દ્વારા હાઈકોર્ટમાં પડકારાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૭ માં યોજાનારા વિધાનસભાની ચુંટણીમાં સેમીફાઈનલ સમાન ૧૧ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો તથા નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાનાર છે. પરંતુ ઝવેરી કમિશનની ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૨૭ ટકા ઓબીસી અનામત લાગુ કરવાના રાજય સરકારના નિર્ણયથી કાયદાકીય વિવાદ જાગ્યો છે.



પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાન દિનેશ બાંભણીયાએ આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારતા ગુજરાતમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ પણ ઉત્તર પ્રદેશની માફક કાનુની દાવ પેચમાં ફસાય તેવી શકયતા છે. ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં રાજય સરકાર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. અરજદારનો દાવો છે કે ગુજરાત સરકારે ઓબીસી અનામત નકકી કરવા માટે ઉત્તર પ્રદેશ સરકારના મોડલની નકલ કરી છે અને ઝવેરી કમિશનના સર્વેનો ડેટા જાહેર કર્યો નથી. આ કાનુની વિવાદને કારણે પાલિકા અને પંચાયતની ચુંટણીઓ લટકી શકે છે. હાઈકોર્ટમાં થયેલી પીટીશનમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સુપ્રિમ કોર્ટ દ્વારા નિર્ધારીત ટ્રીપલ ટેસ્ટ પ્રક્રિયાનુ પાલન કરવાને બદલે, રાજય સરકારે માત્ર યુપી મોડલનુ અનુકરણ કર્યુ છે. અરજદારે દલીલ કરી છે કે સરકારે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી અનામત ૧૦ ટકાથી વધારીને ૨૭ ટકા કરવાની જાહેરાત તો કરી દીધી પરંતુ તે કયા ડેટા કે સર્વેના આધારે કરવામાં આવી છે તે સ્પષ્ટ કર્યુ નથી,

ઝવેરી કમિશનનો રીપોર્ટ અને તેની ભલામણોનો આધારભુત ડેટા હજુ સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી. જેના કારણે પારદર્શિતા સામે સવાલો ઉભા થયા છે. આ વિવાદને પગલે રાજયમાં હજારો ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ચુંટણીઓ જે લાંબા સમયથી બાકી છે તેમાં વધુ વિલંબ થઈ શકે છે. સ્થાનિક સ્વજરાયની સંસ્થાઓમાં હાલ વહિવટદારો સાશન ચલાવી રહ્યા છે. અરજદારોની માંગ છે કે જયાં સુધી સર્વેનો ડેટા જાહેર કરવામાં ન આવે અને યોગ્ય પ્રક્રિયાનુ પાલન ન થાય ત્યાં સુધી ચુંટણીઓ યોજવી જોઈએ નહી, કોર્ટ આ મામલે હવે શું વલણ અપનાવે છે તેના પર સૌની મીટ મંડરાયેલી છે.


ઝવેરી કમિશનની ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં અન્ય પછાતવર્ગો (ઓબીસી) માટે ૨૭ ટકા અનામત લાગુ કરવાના ગુજરાત સરકારના નિર્ણયની આસપાસ વિવાદ ફરે છે. જયારે આ નિર્ણય પહેલા થી જ પાયાના સ્તરે રાજકીય સમિકરણો બદલી નાખ્યા છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટમાં એક અરજીમાં આરોપ મુકવામાં આવ્યો છે કે આ પ્રક્રિયા સુપ્રિમ કોર્ટ દ્વારા જારી કરાયેલા સ્પષ્ટ નિર્દેશોનુ ઉલ્લંઘન કરે છે. જે રાજકીય અને વહિવટી કટોકટી પેદા કરી શકે છે. ઝવેરી કમિશનની ભલામણોને અનુસરીને રાજય સરકારે સ્થાનિક સંસ્થાઓની ચુંટણીઓ માટે નવા ઓબીસી અનામત રોસ્ટરને અંતિમ સ્વરૂપ આપ્યુ આનાથી નકકી થયુ કે કયા વોર્ડ અને બેઠકો ઓબીસી ઉમેદવારો માટે અનામત રહેશે અને કયા સામાન્ય રહેશે કે અન્ય શ્રેણીઓ માટે અનામત રહેશે.

આ પગલાએ શહેરો અને નગરપાલિકાઓ તેમજ પંચાયતોમાં રાજકીય વ્યુહ રચનાઓને પહેલાથી જ ફરીથી આકાર આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટની અરજીમાં ઉઠાવવામાં આવેલ મુખ્ય મુદ્દો એ છે કે ઝવેરી કમિશન રીપોર્ટને ઓબીસી અનામત લાગુ કરવા માટે આધાર તરીકે ઉપયોગમાં લેવા છતાં તેને જાહેર કરવામાં આવ્યો નથી. અરજદાર દિનેશ બાંભણીયા અને તેમના વકીલ વિશાલ દવે દલીલ કરી હતી કે આ સ્થાનિક સંસ્થાઓની ચુંટણીઓમાં ઓબીસી અનામત અંગેના સુપ્રિમ કોર્ટના સીમા ચિન્હરૂપ ચુકાદાનો સીધો વિરોધાભાસ છે. ઉત્તર પ્રદેશમાં પણ આવી જ પરીસ્થિતિ સર્જાઈ હતી. જયાં સ્થાનિક ચુંટણીઓ સ્થગિત થઈ હતી. કારણ કે અદાલતોએ ચુકાદો આપ્યો હતો કે ઓબીસી અનામતનો આધાર બનાવતા કમિશનનો અહેવાલ પ્રકાશિત ન થાય ત્યાં સુધી ચુંટણીઓ આગળ વધી શકિત નથી. તે કિસ્સામાં સુપ્રિમ કોર્ટે અલ્હાબાદના હાઈકોર્ટના આદેશને સમર્થન આપ્યુ હતુ જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યુ હતુ કે આવા અનામતનો અમલ કરતા પહેલા પારદર્શિતા ફરજીયાત છે. ગુજરાત સરકારે અગાઉ ઉત્તર પ્રદેશ સરકારની જેમ જાહેર ચકાસણી માટે કમિશન રીપોર્ટ જાહેર કર્યા નથી. જેના કારણે ડર છે કે અહી પણ એ જ ન્યાયીક પરીણામનુ પુનરાવર્તન થઈ શકે છે.

એડવોકેટ વિશાલ દવેના મતે સ્થાનિક સંસ્થાઓની ચુંટણીઓમાં ઓબીસી અનામત લાગુ કરવા માટે સુપ્રિમ કોર્ટ કડક ટ્રીપલ ટેસ્ટ નકકી કર્યો છે. આમા રાજકીય પછાતપણુ નકકી કરવા માટે વિગતવાર સર્વેક્ષણ હાથ ધરવા, માત્રાત્મક ડેટા એકત્રિત કરવા અને અનામત બંધારણીય મર્યાદાઓ ઓળંગે નહી તેની ખાત્રી કરવાનો સમાવેશ થાય છે. દવે એ દલીલ કરી હતી કે ઝવેરી કમિશન દ્વારા ગ્રામ્યસ્તર અથવા વોર્ડ સ્તરનો સર્વે કરવામાં આવ્યો હોવાના કોઈ પુરાવા નથી.

રીપોર્ટ જાહેર કર્યા વિના સુપ્રિમ કોર્ટની શરતોનુ પાલન કરવામાં આવ્યુ હતુ કે નહી તે ચકાસવુ અશકય છે. રીપોર્ટ માંગતી આરટીઆઈ અરજીઓને પણ નકારી કાઢવામાં આવી હતી. જેનાથી પ્રક્રિયાગત ખામીઓની શંકા મજબુત બને છે. અરજીમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે અનામતનો અમલ રોસ્ટર નંબરોનો ઉપયોગ કરીને યાંત્રીક રીતે કરવામાં આવ્યો છે. વાસ્તવિક ઓબીસી વસ્તી સાંદ્રતા પર આધારીત નથી, દિનેશ બાંભણીયાએ કાયદા દ્વારા સંચાલિત વિસ્તારોમાં ઓબીસી અનામતના અમલીકરણ અંગે પણ વાંધો ઉઠાવ્યો છે. જયાં સુપ્રિમ કોર્ટે સાવચેતી રાખવાની સલાહ આપી હોવા છતાં, આવા વિસ્તારોમાં પણ ઓબીસી અનામત લાગુ કરવામાં આવી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. વધુમાં સુપ્રિમ કોર્ટે સુચના આપી હતી કે ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો માટે અલગ ડેટા એકત્રિત કરવો જોઈએ અને જયાં ઓબીસી વસ્તી વધુ હોય ત્યાં અનામત મુખ્યત્વે લાગુ કરવી જોઈએ. અરજદારના મતે વર્તમાન પ્રણાલીના પરીણામે ઓછી ઓબીસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં અનામત બેઠકો મળે છે. જયારે વધુ ઓબીસી સાંદ્રતા ધરાવતા વિસ્તારો બિન અનામત રહે છે.

જેના કારણે તમામ શ્રેણીઓમાં અન્યાય થાય છે બાંભણીયાએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ ૨૭ ટકા ઓબીસી અનામતનો વિરોધ કરતા નથી પરંતુ અમલીકરણની પધ્ધતિને પડકારે છે. તેમણે ચેતવણી આપી હતી કે અયોગ્ય અમલીકરણ પારદર્શક ડેટા વિના ભવિષ્યમાં સામાજિક અને જાતિગત તણાવ વધી શકે છે. તેમણે અનામતનો મુદ્દો પણ ઉઠાવ્યો, દલીલ કરી કે સુપ્રિમ કોર્ટનો ચુકાદો કવોટા રજુ થયા પહેલાનો છે પરંતુ બક્ષી કમિશન જેવા અગાઉના ઉદાહરણોમાં સમાન જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અરજદારનો દાવો છે કે રાજયએ ઝવેરી કમિશનની ભલામણોને અંતિમ સ્વરૂપ આપતી વખતે આ વિચારણાઓને અવગણી હતી.



# ગુજરાત કોંગ્રેસમાં મોટુ ભંગાણ: નવુ કોંગ્રેસનુ માળખુ જાહેર થતા જ ધડાધડ રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસમાં નવા માળખાની જાહેરાત થતા જ ભડકો થયો છે. સુરતમાં ઉપપ્રમુખ પદેથી સુરેશ સુહાગીયા, મંત્રી પદેથી અશ્વિન સાવલીયા અને ગોડાદરાના મહામંત્રી દિપક પટેલે રાજીનામુ આપી દીધુ છે. તેમણે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને ઈ-મેઈલ મારફતે રાજીનામુ આપ્યુ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. હોદ્દા પરથી રાજીનામુ આપનારા કાર્યકર્તાઓ ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલના સંપર્કમાં હોવાનુ જાણવા મળી રહ્યુ છે.



ગુજરાત કોંગ્રેસ ના પ્રવકતા નૈષધ દેસાઈએ ગુરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૩ લોકોએ તેમના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. પણ કોંગ્રેસમાંથી રાજીનામુ નથી આપ્યુ, હાર્દિક પટેલ સાથે તેમના જુના સંબંધ છે તે તેઓની અંગત મુલાકાતના ફોટો છે. રાજીનામુ આપનારા કોંગ્રેસમાંથી ભાજપ માં જોડાશે તે વાત ખોટી છે. સુત્રોના કહેવા પ્રમાણે રાજીનામુ આપનાર સુરેશ સુહાગીયાએ મહેશ કેવડીયા દ્વારા હાર્દિક પટેલ સાથે મીટીંગ કરી હતી. સુરત મહાનગરમાં કોંગ્રેસનુ નવુ માળખુ જાહેર થયા બાદ વિવાદ વધુ વકર્યો છે. કેટલાક સભ્યોએ હાર્દિક પટેલ સાથે મીટીંગ કર્યા બાદ રાજીનામુ આપ્યુ હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે. તેમના હાર્દિક પટેલ સાથેના ફોટા વાયરલ થયા છે.

તો બીજી તરફ કોંગ્રેસે આ મામલે કહ્યુ હતુ કે આ જુના ફોટા છે જે તે સમયે પાટીદાર આંદોલન વખતે દક્ષિણ ગુજરાતની જવાબદારી હાર્દિક પટેલે મહેશ કેવડીયાને સોંપી હતી. હાર્દિક પટેલે તેમને ભાજપમાં આવવા જણાવ્યુ હતું પણ તેમણે ના પાડી હતી. જેથી તેઓ ભાજપમાં જોડાય તે વાત ખોટી છે એવુ કોગ્રેસના પ્રવકતા નૈષધ દેસાઈએ કહ્યુ હતું.

### તંત્રને ૩૫ વરસે યાદ આવ્યુ કે ઘાટલોડીયાની સ્નેહાજંલી સોસાયટી ગેરકાયદેસર છે

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ઘાટલોડીયામાં આખે આખી સોસાયટી ગેરકાયદેસર હોવાનુ બહાર આવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ઘાટલોડીયામાં આવેલી સ્નેહાજંલી સોસાયટી ગેરકાયદેસર હોવાની વાત બહાર આવી છે. વર્ષ ૧૯૮૯ માં બિલ્ડર દ્વારા સોસાયટી ઉભી કરાઈ હતી અને હાલમાં પરીવારોને ઘર છોડવાની ફરજ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. રહીશોએ સરકાર સમક્ષ વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી છે અને અન્ય બિલ્ડરના પ્લોટ પર સોસાયટીનુ બાંધકામ કરતા વિવાદ ઉભો થયો હતો.




બિલ્ડરને ફાળવેલા પ્લોટને બદલે અન્ય જગ્યાએ બાંધકામ કર્યુ હતુ, તો ૩૫ વરસે તંત્રને યાદ આવ્યુ કે પ્લોટ અન્ય હતો અને બાંધકામ અન્ય જગ્યાએ થયુ છે. ત્યારે સોસાયટીમાં રહેતા ૨૫ પરીવારો મુશ્કેલીમાં મુકાયા છે. વર્ષ ૧૯૮૯ માં અંગત બિલ્ડર દ્વારા આ સોસાયટી ઉભી કરવામાં આવી હતી અને બિલ્ડરે મુળ ફાળવેલા પ્લોટને બદલે અન્ય બિલ્ડરના પ્લોટ પર સોસાયટીનુ બાંધકામ કરતા વિવાદ ઉભો થયો છે. પ્લોટ માલિકને વળતર આપ્યા વગર બિલ્ડર દ્વારા અન્ય બિલ્ડરના પ્લોટ પર સોસાયટીનુ બાંધકામ કરી મકાનો વેચવામાં આવ્યા હોવાની વાત બહાર આવી છે. વર્ષ ૨૦૦૬ માં સોસાયટીના રહીશોએ સબ રજીસ્ટ્રાર દ્વારા આ ગેરકાયદેસર બાંધકામ અંગે ફરીયાદ કરી હતી અને મુળ પ્લોટના માલીક બિલ્ડરે પોતાના પ્લોટના મામલે કોર્ટમાં ફરીયાદ કરી હતી.

નીચલી કોર્ટે રહીશોને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનને ૩.૬૧ કરોડ રૂપીયા ચુકવવાનો આદેશ આપ્યો હતો. જે રકમ બિલ્ડર દ્વારા ભરવામાં પણ આવી હતી અને આ મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પહોચ્યો હતો. જયાં સોસાયટીએ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનને ૪.૮૮ કરોડ રૂપીયા ચુકવવાના નિર્દેશ મળ્યો અને કાયદાકીય ગુંચવણ વચ્ચે રહીશોએ સરકાર સમક્ષ ન્યાયની માંગ ઉઠાવી છે.

# ભાવનગરમાં શરમ જનક ઘટના: ૬૦ વર્ષીય નિવૃત્ત અધિકારીએ સગીર બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરમાંથી શરમ જનક ઘટના બહાર આવી છે. ૬૦ વર્ષીય એક નિવૃત્ત સરકારી અધિકારીએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ હતુ આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર મચી છે. આ ઘટના અંગે પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અંગેનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી હતી.



મળતી માહિતી અનુસાર આરોપીની ઓળખ હસમુખ ઉર્ફે ઋષિ પંડયા તરીકે થઈ છે, જે ભાવનગરના બહુમાળી ભવન ખાતે જિલ્લા સહકારી મંડળીમાં કલાસ-૨ અધિકારી તરીકે ફરજ બજાવી ચુકયા હતા અને હાલ નિવૃત્ત જીવન જીવતા હતા.

આરોપી હસમુખ પંડયાએ સગીરાના ઓળખીતા પરીવાર સાથે સારો વ્યવહાર કેળવીને તેમનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. ફરીયાદ અનુસાર બનાવના દિવસે આરોપીના પત્ની અને અપરિણીત દિકરો કામ થી ઘરે થી બહાર ગયો હતો, ઘરમાં કોઈ ન હોવાનો લાભ લઈને આરોપી હસમુખ પંડયાએ પોતાના ઘરે સગીર બાળકી સાથે આ ધૃણાસ્પદ દુષ્કર્મ આચર્યુ હતું. પોલીસે સગીરાના પરીવારની ફરીયાદના આધારે તાત્કાલીક કાર્યવાહી કરીને આરોપી હસમુખ ઉર્ફે ઋષિ પંડયાની અટકાયત કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજયના પાટનગર ગાંધીનગરમાં ૫ વરસની બાળકી સાથે દુષ્કર્મ: ભુત આવ્યુ કહી દાદી પાસે જઈ રડી પડી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરમાં ૫ વરસની બાળકી સાથે દુષ્કર્મની ઘટનાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નરાધમે રાત્રીના સમયે બાળકી શૌચક્રિયા માટે ઉઠી ત્યારે આ તકનો લાભ લઈને દુષ્કર્મ આચર્યુ હતુ, જેથી બાળકી ઘણી ડરી ગઈ હતી અને તેની દાદી પાસે જઈને ભુત આવ્યુ કહીને રડવા લાગી હતી,

જો કે બાળકીની દાદીએ તેના વસ્ત્રો ચેક કરતા તે લોહીથી ખરડાયેલા હતા, જેથી તેને તાત્કાલીક સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવી હતી. ત્યાં તબીબોએ દુષ્કર્મની પુષ્ટી કરી હતી, હાલ પોલીસે આ અંગે ફરીયાદ લઈ શંકાના આધારે બાળકીના મામા સહિત ૪ શખ્સોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગાંધીનગરના સેકટર ૨૪ ના ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં એક શ્રમજીવી પરીવારની આશરે ૫ વર્ષીય બાળકી પર રાત્રીના અંધકારમાં દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાની જઘન્ય ઘટના ઘટી છે. શ્રમજીવી પરીવાર છાપરામાં રાત્રે સુઈ ગયો હતો આ દરમિયાન બાળકી શૌચક્રિયા માટે ઉઠી હતી આ તકનો લાભ લઈને અજાણ્યા શખ્સે બાળકી પર દુષ્કર્મ આચર્યુ હતુ. આ ઘટનાથી ડરી ગયેલી બાળકી તેની દાદી પાસે જઈને સુઈ ગઈ હતી. બાળકી દાદી પાસે સુતી વખતે ગભરાઈને ભુત આવ્યુ ભુત આવ્યુ કહીને રડવા માંડી હતી. દાદીએ બાળકીને શાંત રાખી તપાસ કરતા તેના વસ્ત્રો લોહીથી ખરડાયેલા હતા,



કોઈ અજુગતી ઘટના બની હોવાની શંકા રાખીને બાળકીને તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ લઈ જવામાં આવી હતી. તબીબી તપાસમાં બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાનુ માલુમ પડયુ હતું. પીડીત બાળકીના માતા પિતા વચ્ચે અણબનાવ હોવાથી માતા બાળકીને લઈને તેના પિયરમાં (નાના નાની સાથે ) છાપરા વિસ્તારમાં રહે છે. ઘટના બની તે વખતે પરીવારના તમામ સભ્યો સુઈ ગયા હતા. પોલીસે આ જઘન્ય કૃત્યના સંબંધમાં બાળકીના મામા સહિત આશરે ચારેક લોકોને શંકાના આધારે પુછપરછ માટે અટકાયતમાં લીધા છે અને ગુન્હો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. હાલ એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોચીને વધુ માહિતી એકત્રિત કરી રહી છે.

## અમદાવાદમાં ડમ્પર બન્યું યમદૂત, મોપેડ સવાર પતિ-પત્નીને ટક્કર મારી, મહિલાનું કમકમાટીભર્યુ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ડમ્પર ચાલકો બેફામ બન્યા છે. કોઈ પણ સૂચનાનું પાલન કર્યા વગર નિયમો નેવે મૂકી હપ્તારાજની મહેરથી મનફાવે તેમ શહેરમાં ડમ્પર હંકારી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદના નારણપુરામાં ડમ્પરે મોપેડ સવાર દંપતીને ફંગોળતા હૈયું કંપાવી દે તેવો અકસ્માત સર્જાયો છે. જેમાં મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અકસ્માતની પ્રાપ્ત માહિતી અનુસાર મેમનગર વાળીનાથ ચાર રસ્તા પાસે મોપેડ હંકારી મનોજભાઈ પ્રજાપતિ અને તેમના પત્ની ગાયત્રીબેન પ્રજાપતિ જઈ રહ્યા હતા. પરંતુ કાળની ચોથી ઘડીએ ડમ્પર યમરાજ બનીને આવતા મોપેડ સવાર દંપતીને જોરદાર ટક્કર મારી હતી. જેમાં પત્ની ગાયત્રીબેન પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. જ્યારે ચાલક મનોજભાઈને સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડમ્પર ચાલક દંપતીને ફંગોળીને નાશી છૂટયો હતો. ઘટનાની જાણ બી ડિવિઝન પોલીસને કરવામાં આવતા હતી. જે બાદ અકસ્માતે ગુનો નોંધી ડમ્પર ચાલકને પકડવા માટે શોધખોળ હાથ ધરી છે. અકાળે પત્નીનું મોત થતાં ચાલક મનોજભાઈ આઘાતમાં સરી પડ્યા છે. તેમજ પરિવાર અને પ્રજાપતિ સમાજમાં ગમગીની છવાઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરી વિસ્તારમાંથી ડમ્પર સહિતના ભારે વાહનો પસાર થવા અંગે તંત્રનું જાહેરનામું હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરી પુરઝડપે ડમ્પરો પસાર થતાં અગાઉ પણ અનેક લોકોના મોત નીપજી ચુક્યા છે.

# ગ્રાન્ટેડ શાળાઓમાં કલાર્ક તેમજ પટ્ટાવાળાની ભરતી અને એફઆરસી ના મુદ્દે શાળા સંચાલકો લડત આપશે

### સરકારે વિનંતીઓને ગ્રાહ્ય ન રાખતા કોર્ટમાં જવાનો ઠરાવ કરાયો : કલાર્ક અને પટ્ટાવાળાનુ કામ શિક્ષકોએ કરવુ પડે છે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં કલાર્ક અને પટ્ટાવાળાની ખાલી જગ્યાઓ ભરાતી નથી તેમજ ફી ના ધારા ધોરણ અંગે શાળા સંચાલકોએ અગાઉ સરકારને વખતો વખત રજુઆતો કરી હોવા છતાંય વણઉકેલ્યા પ્રશ્નોનુ નિરાકરણ લાવવામાં આવ્યુ નથી.




તાજેતરમાં રાજય શાળા સંચાલક મહામંડળની વાર્ષિક કારોબારીની બેઠક મળી હતી, જેમાં રાજયભરમાંથી શાળા સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં રાજયના શાળા સંચાલકો સરકાર સામે લડી લેવાની તૈયારી કરી છે. રાજય શાળા સંચાલક મહા મંડળે સરકારને રજુઆતો કરી હોવા છતાં શાળાઓમાં પટ્ટાવાળા, કલાર્કની ભરતી છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી નથી, ઉપરાંત એફઆરસી સ્લેબમાં વધારવા મુદ્દે સરકારને કોર્ટમાં પડકારવા માટે કારોબારી બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. અનેક વખત રજુઆતો કરવા છતાં સરકાર વિનંતીઓને ગ્રાહ્ય ન રાખતા કોર્ટમાં પડકારવા ઠરાવ કરવામાં આવ્યો છે. જ્ઞાનસેતુમાં ૭ ટકા દરે દર વરસે વધારો કરાય છે તો એફઆરસી સ્લેબમાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સંચાલક મંડળના સુત્રોએ જણાવ્યુ હતુ કે છેલ્લા ઘણા વરસથી રાજય શાળા સંચાલક મહામંડળ અલગ અલગ માંગણીઓને ધ્યાનમાં રાખીને સરકાર સમક્ષ રજુઆત કરી રહ્યુ છે. પરંતુ સરકાર માંગણીઓ ન સ્વીકારવામાં આવતા રાજય શાળા સંચાલક મહામંડળ લડી લેવાના મુડમાં છે. રાજય શાળા સંચાલક મહામંડળની વાર્ષિક કારોબારીની બેઠકમાં મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યા છે. સરકારને કઈ રીતે પડકારવામાં આવે તેને લઈને નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી રાજય શાળા સંચાલક મહામંડળ પટ્ટાવાળા, કલાર્ક ની ભરતી કરવામાં આવે તેવી સરકાર સમક્ષ રજુઆતો કરી રહ્યુ છે. પરંતુ છેલ્લા ઘણા વરસોથી પટ્ટાવાળા અને કલાર્કની ભરતી કરવામાં ન આવતા તે કામ શિક્ષક અથવા આચાર્યને કરવુ પડતુ હોવાનો શાળા સંચાલકોએ દાવો કર્યો છે. જેથી હવે રાજય શાળા સંચાલક મહામંડળ સરકારને કોર્ટમાં પડકારવા બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો છે.

રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં કલાર્ક અને પટ્ટાવાળાની જગ્યાઓ ખાલી છે તે વહેલીતકે ભરવામાં આવે તેવી માંગ સાથે હાઈકોર્ટના દ્વાર ખટખટાવશે, રાજયમાં ૧૫ હજાર સ્વનિર્ભર શાળાઓમાં ફી વધારવા મુદ્દે પણ રાજય શાળા સંચાલક મહામંડળ હાઈકોર્ટમાં જવાની છે. એફઆરસી આવ્યાને ૮ વરસ થયા હોવા છતાં સ્વનિર્ભર શાળાઓના સ્લેબમાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી,પ્રાયમરીમાં ૨૨ હજાર, સેકન્ડરીમાં ૩૦ હજાર અને સામાન્ય પ્રવાહમાં ૩૫ અને વિજ્ઞાન પ્રવાહમાં ૪૦ હજાર સ્લેબ કરી આપવા માંગ સરકાર સામે કરવામાં આવી છે. જ્ઞાનસેતુમાં ૭ ટકા દરે દર વરસે વધારો કરાય છે તો એફઆરસી સ્લેબમાં પણ વધારો આપવા માંગ કરાઈ છે.

રાજય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યુ હતુ કે રાજય શાળા સંચાલક મહામંડળની વાર્ષિક બેઠક મળી હતી જેમાં સમગ્ર ગુજરાતમાંથી શાળા સંચાલકો હાજર રહ્યા હતા. ૨૦૦૭ થી અમારી કલાર્ક ની શાળાઓમાં ભરતી થઈ નથી, વારંવાર સરકારમાં રજુઆતો કરવા છતાં કલાર્ક અને પટ્ટાવાળા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. જે સંજોગોમાં આજે સર્વસંમતિથી ઠરાવ કરવામાં આવ્યો છે કે રાજય સરકાર અમારી વિનંતીઓને ગ્રાહ્ય રાખતી નથી તો નામદાર હાઈકોર્ટમાં જઈને તેનો ન્યાય મેળવવો, ન્યાય મેળવવા માટે ૨૦૧૨ માં કોર્ટમાં ગયા હતા. પરંતુ મંત્રીના કહેવાથી અમારી સીવીલ એપ્લીકેશન પરત જ ખેંચી હતી. પરંતુ આજ દીન સુધી એક પણ કલાર્ક આપવામાં ન આવતા અમે કોર્ટના દ્વાર ખટખટાવીશું.

# ગુજરાતમાં બેફામ દારૂ ડ્રગ્સ વેચાય છે: નાની દિકરીઓ સાથે દુષ્કર્મ થાય છે: કાનુન વ્યવસ્થા જેવુ બચ્યુ નથી: ઈસુદાન ગઢવી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની કથડતી સ્થિતિને લઈને ભાજપ સરકારને આડે હાથ લેતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અત્યારે જંગલરાજ જેવી સ્થિતિ થઈ ગઈ છે. છેલ્લા ૧૦ દિવસમાં ગુજરાતમાં ૩ માસુમ બાળકીઓ સાથે દુષ્કર્મની ઘટના બની છે. ગુજરાતના ફાંકા ફોજદારી કરતા મંત્રીઓને મારી વિનંતી છે કે પશ્ચિમ બંગાળમાં જયારે દુષ્કર્મ ની ઘટના બની ત્યારે મુખ્યમંત્રીએ પ્રતિક ઉપવાસ કર્યા હતા અને કડકમાં કડક સજા થાય તે માટે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પણ પત્ર લખ્યો હતો.




જયારે ગુજરાતમાં માસુમ બાળકી પર થયેલી દુષ્કર્મની ઘટનાને લઈને તમારામાં અને તમારા મંત્રીઓમાં જરા પણ દયા હોય તો એક દિવસનો પ્રતિક ઉપવાસ કરો અને કડકમાં કડક સજા આપી જંગલરાજ બનેલ ગુજરાતને શાંતિપ્રિય બનાવો, આમ આદમી પાર્ટી નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં બેફામ દારૂ ડ્રગ્સ વેચાય છે, નાની દિકરીઓ સાથે દુષ્કર્મ થાય છે, કાનુન વ્યવસ્થા જેવુ બચ્યુ નથી, રાજયમાં પોલીસનો ઉપયોગ માત્ર ખેડુતોને કચડવામાં થાય છે. અદાણી અને વીજ કંપનીઓ દ્વારા ખેડુતોના ખેતરમાં લાઈનો નાખવામાં આવે છે. જેના વિરૂધ્ધ ૫ હજાર ખેડુતો એકઠા થયા હતા. ત્યારે પોલીસે ભાજપના ઈશારે માતા બહેન દિકરીઓને માર માર્યો હતો.

ભાજપના નેતાઓના ધંધાની અને માનીતા ઉદ્યોગપતિઓની સુરક્ષા માટે પોલીસને સમય મળે છે. તો બીજી તરફ ફુલ જેવી દિકરીઓ પીંખાઈ રહી છે. ત્યારે હવે આ ગુજરાત સરકારમાં જરા પણ સંવેદનશીલતા નથી. ગુજરાતને બિહાર બનાવી દેવામાં આવ્યુ છે. ગુજરાતમાં હજારો કરોડો નુ ડ્રગ્સ પકડાય છે તો જે નહી પકડાયુ હોય એ કેટલુ હશે ? જે શહેરી લોકોએ ભાજપને મત આપ્યો, એ જ શહેરી લોકોના દિકરા દિકરીઓને ભાજપ ડ્રગ્સમાં હોમી રહ્યુ છે, હું તમામને વિનંતી કરૂ છું કે ભાજપના આ જંગલરાજમાંથી તમારે મુકિત મેળવવી પડશે, નહીતર સ્થિતિ એવી આવશે કે જો આપણા ઘરે એક જ દિકરો કે દિકરી હશે એ પણ ભાજપના કારણે ડ્રગ્સના રવાડે ચડી જશે અને ભાજપના નેતાઓને એમાંથી બેફામ કમાણી પણ મળી રહી છે.

આમ આદમી પાર્ટી નેતા ઈસુદાન ગઢવીએ ડ્રગ્સ મુદ્દે સરકારને સવાલ કરતા કહ્યુ હતુ કે મુંદ્રા પોર્ટમાં ૨૦ હજાર કરોડનુ ડ્રગ્સ પકડાયુ તો આ મુદ્દે કોની પુછપરછ થઈ ? એ ડ્રગ્સ કયાંથી આવ્યુ હતુ ? કેમ મુંદ્રા પોર્ટ પર પહોચ્યુ ? કઈ રીતે પહોચ્યુ ? શું ઉદ્યોગપતિઓ અને ભાજપના નેતાઓનો આમા કોઈ સંબંધ તો નથી ને કે પોર્ટ અને એરપોર્ટ થઈને એમાંથી ડ્રગ્સની હેરાફેરી કરે ? ડ્રગ્સ આવી રહ્યુ છે એનો મતલબ એમ છે કે કેન્દ્ર સરકાર અને ગુજરાતની ભાજપ સરકારના રહેમ હેઠળ આ ડ્રગ્સ અહીંયા પહોચી રહ્યુ છે. બાકી કોઈની તાકાત નથી કે દારૂની બોટલની પણ હેરાફેરી કરી શકે, મને લાગે છે કે ભાજપે ષડયંત્ર કર્યુ છે કે મધ્યમવર્ગના દિકરાઓ ભણીગણીને નોકરી ધંધાઓ માંગશે એના કરતા એમને ડ્રગ્સના રવાડે ચડાવી દઈએ એટલે તો ના તો એ નોકરીઓ માંગે કે ના તેઓ ધંધાઓ માંગશે, ભાજપના નેતાઓ ડ્રગ્સમાં હજારો કરોડોની સંપત્તિ ભેગી કરી શકે એ માટેનુ આ ષડયંત્ર છે. જનતાને હજુ પણ વિનંતી કરૂ છુ કે જે લોકો ભાજપ ભાજપ અને મોદી મોદી કરે છે તો એમનો અસલી ચહેરો ઓળખી જજો નહીતર ૫-૧૦ વરસ પછી એવી હાલત થશે કે તમારો એકનો એક દિકરો કે દિકરી ડ્રગ્સના રવાડે ચડી જશે અને તમે એને તડપતા જોતા રહી જશો.

# ગુજરાતમાં પોલીસ સ્ટેશનમાં પણ પોલીસ હવે સલામત નથી : નિકોલ પોલીસ સ્ટેશનમાં આવેલી મહિલાઓએ પીએસઓ અને હાજર સ્ટાફને લાફા ઝીંકયા

### રાજકોટમાં લુખ્ખાઓએ પોલીસ સ્ટેશન માથે લીધુ : લુખ્ખાઓથી બચવા પોલીસે દરવાજા બંધ કરી સંતાવવુ પડયું







પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ પોલીસ સ્ટેશનમાં મારામારીનો બનાવ બનવા પામ્યો હતો. પોલીસ સ્ટેશનમાં જ પોલીસ સુરક્ષિત નહી હોવાનુ બનાવ બનતા અનેક સવાલો ઉભા થયા છે. કેટલીક મહિલાઓએ પોલીસ સ્ટેશનના પીએસઓ અને હાજર સ્ટાફ સાથે મારા મારી કરી હતી. મહિલાઓએ પીએસઓ અને સ્ટાફને લાફા માર્યા હતા. મહિલા લોકઅપ માં બંધ આરોપીને મળવા આવ્યા હતા. બંને મહિલાઓએ પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવ્યો હતો. અમદાવાદ ના નિકોલ પોલીસ સ્ટેશનમાં બે મહીલાઓ સામે ફરીયાદ નોંધાઈ છે. પોલીસ સ્ટેશનમાં લોકઅપ માં બંધ આરોપીને મળવા આવેલી બે મહિલાઓએ પોલીસ સાથે ઝપાઝપી કરી મારામારી કરી હતી. પોલીસ સ્ટેશનમાં જ પીએસઓ અને હાજર સ્ટાફને લાફા માર્યા હતા, પીએસઓને જાણ કર્યા વિના આરોપીને મળતી મહિલાઓને પોલીસે ટકોર કરી હતી. બંને મહિલાઓએ પોલીસ સ્ટેશનમાં હોબાળો કર્યો હતો. આરોપીને મળવા આવેલી બંને મહિલાઓએ પોલીસ સ્ટેશન સળગાવી નાખવાની ધમકી આપી હતી. પોલીસને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બંને મહિલાઓ સામે નિકોલ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

તો અન્ય એક રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં લુખ્ખાઓએ ધમાલ મચાવી હતી અને અરજીના કામે બોલાવેલ સાદાનની પુછપરછ કરતા ધમાલ મચી હતી, સાદાન અને તેના પિતાએ પોલીસ સ્ટેશન બાનમાં લીધુ હતુ અને જેલમાં જઈને આવ્યો છુ, મને પોલીસની બીક નથી તેવુ કહી પોલીસ સ્ટેશન માથે લીધુ હતુ, શું રાજકોટના પોલીસ સ્ટેશનમાં પોલીસ જ સુરક્ષિત નથી ? લુખ્ખા તત્વોના આતંકનો ભોગ પોલીસ પણ બની છે, ત્યારે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં આરોપીથી બચવા પોલીસે ઈન્વેસ્ટિગેશન રૂમના દરવાજા બંધ કરી સંતાવવુ પડયુ હતું અને નશાની હાલતમાં આવેલ લુખ્ખાઓએ બેફામ ગાળાગાળી કરી ધમાલ મચાવી હતી. જેના વિરૂધ્ધ અરજી થઈ હતી તેણે પોલીસને કહ્યુ કે જેલમાં જઈને આવ્યો છુ, મને પોલીસને બીક નથી, તેવુ કહી દિવાલમાં સાદાને માથુ પછાડયુ હતું અને થોડા સમય માટે સાદાન અને તેના પિતાએ પોલીસ સ્ટેશન બાનમાં લીધુ હતું. ઘટનાની જાણ થતા પીઆઈ સહિતના અધિકારીઓ તાત્કાલીક પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા, પોલીસે સાદાન અને તેના પિતા વિરૂધ્ધ ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.